# Gujarat Industrial Development Corporation

(A Govt. of Gujarat Undertaking)

**Notice for e-Auction**

VUNagar Region

आज़ादी का अमृत महोत्सव

GIDC દ્વારા સ્થાપવા માં આવેલ મોજે-**ઠાસરા (જી.ખેડા), મોજે- બોરસદ, મોજે-સોજીત્રા, મોજે-ઈન્દ્રણજ (જી.આણંદ) અને મોજે-બાલાસીનોર (જી.મહિસાગર) ઔદ્યોગિક વસાહતમાં,** આવેલા ઔદ્યોગિક અને વાણિજ્ય પ્લોટ ની જાહેર ઈ-હરાજી કરવામાં આવનાર છે. ઇચ્છુક ઉદ્યોગ સાહસિકો તા:-૧૫/૧૨/૨૦૨૩ થી તા.૨૮/૧૨/૨૦૨૩ સુધી રજીસ્ટ્રેશન કરી લાભ મેળવી શકશે.

| ક્રમ | મિલ્કતનો પ્રકાર | ઝોન | મિલ્કત નંબર | વિસ્તાર (ચો.મી.) | તળીયાની કિંમત (પ્રતિ ચો.મી.) | ઇ.એમ.ડી (તળીયાની કિંમતના ૨૫%) | સ્થળની વિગત | હરાજીની તારીખ અને સમય |
|---|---|---|---|---|---|---|---|---|
| **ઠાસરા ઔદ્યોગિક વસાહત** | | | | | | | | |
| ૧ | ઔદ્યોગિક | ઇજનેરી | કે/૧/૫/3 | ૧૯૯.૦૨ | ૭૧૬૪૭૨ + ૨૨૮૦૦૦ (શેડનો ખર્ચ) | ૨૩૬૧૧૮ | ૨૨.૭૮૭૫૨૨, ૭૩.૧૯૮૮૫૩ | 30/૧૨/2023 ૧૧:૦૦ થી ૧૧:૨૫ |
| ૨ | ઔદ્યોગિક | ઇજનેરી | કે/૧/૫/૪ | ૧૯૯.૦૨ | ૭૧૬૪૭૨ + ૨૨૮૦૦૦ (શેડનો ખર્ચ) | ૨૩૬૧૧૮ | ૨૨.૭૮૭૫૬૮, ૭૩.૧૯૮૮૩૪ | 30/૧૨/2023 ૧૧:30 થી ૧૧:૫૫ |
| **બોરસદ ઔદ્યોગિક વસાહત** | | | | | | | | |
| 3 | વાણિજ્ય (બી.એસ.એસ) | ઇજનેરી | ૭૦૫ (યુટીલીટી પ્લોટ) | ૬૬૦ | ૨૬૪૦૦૦૦ | ૭૭૮૮૦૦ | ૨૨.૩૯૫૬૫૭, ૭૨.૯૦૯૩૧૩ | 30/૧૨/2023 ૧૨:૦૦ થી ૧૨:૨૫ |
| **સોજીત્રા ઔદ્યોગિક વસાહત** | | | | | | | | |
| ૪ | વાણિજ્ય (કેન્ટીન પ્લોટ) | ઇજનેરી | ૨૮ | ૫૦૦.૬૩ | ૨૭૫૩૪૬૫ | ૮૧૨૨૭૨ | ૨૨.૫૨૮૯૪૪, ૭૨.૭૧૫૪૩૫ | 30/૧૨/2023 ૧૨:30 થી ૧૨:૫૫ |
| **બાલાસિનોર ઔદ્યોગિક વસાહત** | | | | | | | | |
| ૫ | વાણિજ્ય | ઇજનેરી | પી/૨/૨ | ૧૦૪૬.૩૮ | ૬૦૬૯૦૦૪ | ૧૭૯૦૩૫૬ | ૨૨.૯૫૨૫૭૫, ૭3.330૩૯૭ | 30/૧૨/2023 ૧3:૦૦ થી ૧3:૨૫ |
| **ઇન્દ્રણજ ઔદ્યોગિક વસાહત** | | | | | | | | |
| ૬ | વાણિજ્ય (બી.એસ.એસ) | ઇજનેરી | ૧ | ૩૭૬૬.૧૯૩ | ૨૨૫૯૭૧૫૮ | ૬૬૬૬૧૬૨ | ૨૨.૪૯૭૯૮૦, ૭૨.૫૪૩૭૯૬ | 30/૧૨/2023 ૧3:30 થી ૧3:૫૫ |
| ૭ | વાણિજ્ય (ટ્રક પાર્કિંગ/ વેર હાઉસ) | ઇજનેરી | ૨૦૫ | ૪૬૪૭.૫૬૨ | ૨૭૮૮૫૩૭૨ | ૮૨૨૬૧૮૫ | ૨૨.૫૦૧૩૮૯, ૭૨.૫૫૨૩૩૮ | 30/૧૨/2023 ૧૪:૦૦ થી ૧૪:૨૫ |
| ૮ | વાણિજ્ય (બી.એસ.એસ) | ઇજનેરી | ૨૧૭ | ૩૧૬૧.૯૦૬ | ૧૮૯૭૧૪૩૬ | ૫૫૯૬૫૭૪ | ૨૨.૪૯૯૭૩૭, ૭૨.૫૪૯૧૩૫ | 30/૧૨/2023 ૧૪:30 થી ૧૪:૫૫ |
| ૯ | વાણિજ્ય (બી.એસ.એસ) | ઇજનેરી | ૨૧૮ | ૩૧૫૧.૩૬૫ | ૧૮૯૦૮૧૯૦ | ૫૫૭૭૯૧૬ | ૨૨.૪૯૯૫૮૫, ૭૨.૫૪૮૮૫૨ | 30/૧૨/2023 ૧૫:૦૦ થી ૧૫:૨૫ |
| ૧૦ | વાણિજ્ય (બી.એસ.એસ) | ઇજનેરી | ૨૦૪ | ૧૬૮૭.૦૬ | ૧૦૧૨૨૩૬૦ | ૨૯૮૬૦૯૬ | ૨૨.૫૦૧૫૬૬, ૭૨.૫૫૨૭૫૪ | 30/૧૨/2023 ૧૫:30 થી ૧૫:૫૫ |

- ઈ -ઓક્શન માં ભાગ લેવા માટે સૌ પ્રથમ ઈ -ઓક્શન પોર્ટલ https://e-auction.nprocure.com વેબ સાઈટ ઉપર રજીસ્ટ્રેશન કરવાનું રહેશે.
- અરજદારે ઈ -ઓક્શન માટે https://e-auction.nprocure.com ઉપર રજીસ્ટ્રેશન કરી અર્નેસ્ટ મની ડિપોઝીટ (EMD) તથા વહીવટી ફી ભરી અને જરૂરી દસ્તાવેજો અપલોડ કરી હરાજીમાં ભાગ લેવા માટેની સમય મર્યાદા **૧૫/૧૨/૨૦૨૩, ૧૧:૦૦ કલાક થી ૨૮/૧૨/૨૦૨૩, ૧૭:૦૦ કલાક સુધીની** રહેશે.
- ઈ -ઓક્શન અન્વયે ની સમયમર્યાદા,જાહેરનામુ,અદ્યતન વિગતો તેમજ અન્ય વિગતો https://e-auction.nprocure.com વેબ સાઈટ તેમજ નિગમની વેબ સાઈટ www.gidc.gujarat.gov.in ઉપર ઉપલબ્ધ છે.
- અરજદારે જેટલા પ્લોટ માટે બિડ કરવું હોય તે તમામ પ્લોટ માટે EMD તથા વહીવટી ફી રૂ ૧૧૮૦/- દરેક પ્લોટ ની અલગ ભરવાની રહેશે. ઈ-ઓક્શન ને લગતા માંગેલ દસ્તાવેજો EMD રકમ અને વહીવટી ચાર્જ સાથે ઈ-ઓક્શન પોર્ટલ ઉપર અપલોડ કરવાના રહેશે.
- અર્નેસ્ટ મની ડિપોઝીટ (EMD) અને વહીવટી ફી ભરેલ હોઈ તેમજ હરાજીને લગતા માંગેલ દસ્તાવેજો ઈ-ઓક્શન પોર્ટલ ઉપર અપલોડ કરેલ હોઈ તેવા જ અરજદારો બીડ કરવા માટે પાત્રતા ધરાવશે. બીડ પ્રક્રિયા પ્લોટની સામે દર્શાવેલ તારીખ અને સમયે યોજાશે.
- સદર હરાજીની પ્રક્રિયા માં સુધારા/ફેરફાર અંગે ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમને અધિકાર રહેશે. જે અંગેની જાણ ઈ-ઓક્શન પોર્ટલ https://e-auction.nprocure.com તેમજ નિગમ ની વેબ સાઈટ www.gidc.gujarat.gov.in ઉપર પ્રસિદ્ધ કરવામાં આવશે.
- ઈ –હરાજીમાં ઉક્ત મિલકતોનો " જેમ છે તેમના ધોરણે (As is where is basis) " સમાવેશ કરવામાં આવેલ છે. મિલકતને લગતી તમામ વિગતોની ખરાઈ કર્યા બાદ જ બિડ કરવું.
- "વાણિજ્ય" પ્રકારની મિલકતો માટે પ્લોટ ની રકમ ઉપરાંત ૧૮% GST લાગુ પડશે. વાણીજ્ય મિલકતોની સામે દર્શાવેલ ૨૫% EMD ની રકમમાં ૧૮% GST નો સમાવેશ કરેલ છે.
- ક્રમાંક ૩,૬,૮,૯ અને ૧૦ ની મિલકત બી.એસ.એસ હેતુ માટે આરક્ષીત છે જેમા કોર સર્વીસ (૧) પોસ્ટ ઑફિસ/ કુરિયર સેવાઓ (૨) માલ પરીવહન (3) ટેસ્ટીંગ લેબ (૪)માપાંકન/ગુણવત્તા ચકાસણી લેબ (૫) સ્ટેશનરી/ફોટોકોપી સેવાઓ (૬) હાર્ડવેર (૭) કેન્ટીન (૮) બેંક/ ATM (૯) વીમા અને એલાઈડ સર્વીસીસમાં (૧૦) ફ્યુઅલ પંપ ના હેતુઓનો સમાવેશ થાય છે.
- ક્રમાંક ૪ ની મિલકત કેન્ટીન હેતુ માટે આરક્ષીત કરેલ છે તથા ક્રમાંક ૭ ની મિલકત માત્ર ટ્રક/પાર્કિંગ/વેર હાઉસ હેતુ માટે આરક્ષીત કરેક છે.
- બીડ સ્વીકારવા કે નકારવા અંગે ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ નો નિર્ણય આખરી રહશે.
- ઈ- ઓક્શન અન્વયે કોઈ પ્રશ્ન કે સમસ્યા નિવારણ માટે નિગમની પ્રાદેશિક મેનેજરશ્રી, વિ.ઉ.નગર, કચેરી નો સંપર્ક કરવો .સંપર્ક વિગતો નીચે પ્રમાણે છે.

**O/o. Regional Manager, GIDC Office V U Nagar, Near yogi circle, Near water tank, Mogari gana road, Ta. & Dis. Anand, 388120.**
**Ph.No.: 02692-233751, Email : rmvun@gidcgujarat.org**

**સહી**
**પ્રાદેશિક મેનેજર**
**જીઆઈડીસી, વિઉનગર**

(રૂ.300ના સ્ટેમ્પ પેપર ઉપર સોગંધનામું ,નોટરાઈઝડ)

# બાહેંધરી તથા એકરારનામું

આથી હું/અમો નીચે સહી કરનાર (ઓફરદારનું પૂરું નામ)........................................................
સરનામું ......................................................................................................................
......................................................................................................................................
ટેલિફોન નં......................................... મોબાઇલ નં................................................... ફેકસ
નંબર.....................................................મે................................................................
માં હોદ્દો ...........................................................ની રૂએ ટેન્ડર નંબર ................................
માં ઓનલાઇન ઓફર/બીડ અંકે રૂ................................ (શબ્દોમાં .......................................
............................................ ઓફર આપેલ છે. તથા ટેન્ડર ફોર્મમાં જણાવેલ ઇ-ટેન્ડર કમ ઇ-ઓકશનની શરતો તથા ટેન્ડર સાઇટોની શરતોને લગતી તમામ સૂચનાઓ તથા ટેન્ડરની તમામ શરતો, નિયમો સહિતની બાબતો અમોએ પૂરેપૂરી વાંચી, સમજી, વિચારી અને ચકાસી છે. જે અમોને કબૂલ મંજૂર છે. સદરહુ ટેન્ડરની તમામ શરતો પ્રમાણે વર્તવાની તથા જણાવ્યા મુજબના નિયમોનુસારનાં ચૂકવણાં સમયસર કરવા સહિતની અમો બંધનકર્તા હોવાની સોગંદપૂર્વક બાહેંધરી આપીએ છીએ.

સહી કરનારનું નામ તથા હોદ્દો :-.............................................
સંસ્થાનું નામ અને સિકકો: :-.............................................

સંસ્થાનું સરનામું/ સિકકો :-.............................................

તારીખ:-

## Annexure - A

## Details of existing firm and proposed project in GIDC

1. Details of activity (Industrial/Commercial/BSS) -

2. Name of product -

| | |
|---|---|
| Raw material | |
| Finish Product | |
| Machinery details | |

3. Water requirement in KL (Per Day) (Industrial) -
4. Water requirement in KL (Per Day) (Domestic) -

5. Effluent quantity in KL (Per Day) -

6. Solid waste in KG. (Per Day) -

7. Total turnover of last 3 years (Existing firm)

| Sr. No. | Year | Amount in Rs. |
|---|---|---|
| 1 | | |
| 2 | | |
| 3 | | |

8. Total investment in Rupees -

9. Total proposed employment -

Signature of Authorized person
(Name and Designation)

# વાણિજય હેતુઓની યાદી

૧. દવાખાનું
૨. હોસ્પીટલ નર્સીંગ હોમ
૩. દવાની દુકાન
૪. પેથોલોજી લેબોરેટરી-એકસ રે કલીનીક
૫. બેંક
૬. કટલેરી-કરીયાણાની દુકાન
૭. ચા-દુધ-કોફી, ઠંડા પીણા માટે
૮. હેર કટીંગ સલુન
૯. ધોબીના ધંધા માટે
૧૦. પ્લમ્બર પાઈપ ફીટીંગ માટે
૧૧. ડીપાર્ટમેન્ટલ સ્ટોર
૧૨. રેસ્ટોરન્ટ-ચા-નાસ્તા હાઉસ
૧૩. બ્યુટીપાર્લર
૧૪. ઈન્ટીરીયર ડેકોરેશન-ડીઝાઈનર
૧૫. શાકભાજી-ફળફુલની દુકાન
૧૬. રેડીયો-ટી.વી.-વી.સી.આર. રીપેરીંગની દુકાન
૧૭. વીડીયો રેકોડીંગ સેન્ટર
૧૮. ટાઈપ રાઈટીંગ ઈન્સ્ટીટયુટ
૧૯. હોઝીયરી-ટેક્ષટાઈલ એમ્પોરીયમ
૨૦. ન્યુઝ પેપર-મેગેઝીન સ્ટોર્સ
૨૧. બીલ્ડીંગ મટીરીયલ્સ-સેનેટરી મટીરીયલ્સના ધંધા માટે
૨૨. ઈલેકટ્રીક માલ સામાનના ધંધા માટે
૨૩. બાલ ક્રિડાગળ (એમ્યુઝમેન્ટ પાર્ક)
૨૪. ટ્રાવેલ એજન્સી
૨૫. ટ્રાન્સપોર્ટ ગોડાઉન
૨૬. જાહેર ખબર એજન્સીના ધંધા માટે
૨૭. આંગડીયા સર્વિસ
૨૮. વે-બ્રીજ
૨૯. આર્કિટેક-ઈલેક્ટ્રીકલ એન્જીનીયર-ડીઝાઈનર માટે
૩૦. ટેક્ષ કન્સલ્ટન્સી વકીલ માટે
૩૧. ચાર્ટડ એકાઉન્ટન્ટસ ઓફીસ
૩૨. ઔદ્યોગિક/મેનેજમેન્ટ સેવાઓ
૩૩. શો રૂમ
૩૪. વેર હાઉસ
૩૫. માલ સામાનનો ડેપો
૩૬. ઔદ્યોગિક ગેસ
૩૭. કેમીકલ/કલર પેઈન્ટસ સ્ટોર્સ
૩૮. વાહનોનો શો રૂમ
૩૯. ઓટો સ્પેર પાર્ટસ
૪૦. સીનેમા થીયેટર
૪૧. વીડીયો-ટી.વી. રમત ગમત પાર્લર
૪૨. હોટલ માટે
૪૩. ઔદ્યોગિક હેતુ માટેની મશીનરી સ્પેર પાર્ટસ
૪૪. લોટ દળવાની ઘંટી
૪૫. દરજીની દુકાન
૪૬. બેકરી
૪૭. સ્કુટર/મોટર સાયકલ રીપેરીંગની દુકાન
૪૮. ફોટોગ્રાફી-પ્રોસેસીંગ લેબોરેટરી
૪૯. લાકડાનું તથા સ્ટીલ ફર્નીચર કામ
૫૦. ઝેરોક્ષ-લીથો-સેનેટરી
૫૧. જેમ-જવેલરી-સોના-ચાંદીના ઘરેણા અંગે
૫૨. કમ્પ્યુટર ડેટા પ્રોસેસીંગ
૫૩. ફોટો ટાઈપ સેટીંગ યુનીટ
૫૪. ગેસ વેલ્ડીંગ ફેબ્રીકેશન
૫૫. એરકંડીશન અને રેફ્રીજરેશન સેલ્સ અને સર્વિસ
૫૬. ઓટો ગેરેજ રીપેરીંગ-સર્વિસ શોપ

Business Support Services required in the Industrial Estates shall be categorised as follows:

- Core Services: Post / Courier, Goods Transport, Laboratories (material testing, soil testing, Quality Check), Canteen, Bank / ATM, Insurance.
- Allied Services: Petrol pump.

# -:: ઓનલાઇન ઇ-ટેન્ડર-કમ-ઇ-ઓકશનની શરતો (ભાગ-૧) ::-

ટેન્ડર નં..

૧. ઇ-ટેન્ડર કમ ઇ-ઓકશનમાં ભાગ લેવા માટે વેબ-સાઇટ https://e-auction.nprocure.com/ પર સૌ પ્રથમ રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. જો અગાઉ રજીસ્ટ્રેશન કરાવેલ હોય, તો ફરીથી કરાવવાનું રહેશે નહીં. ત્યાર બાદ જ સદર વેબસાઇટ મારફતે (https://e-auction.nprocure.com/) ઇ-ઓકશંનમાં ભાગ લેવાની કાર્યવાહી કરવાની રહેશે.

૨. નિગમની નીતિ પ્રમાણે વહીવટી ચાર્જ તેમજ ઇ.એમ.ડી. ભરેલ નહિ હોય તેવું ટેન્ડર ગ્રાહ્ય રાખવા પાત્ર રહેશે નહીં, જેથી ઇ-ઓકશનમાં ભાગ લઇ શકાશે નહીં.

3. રજિસ્ટ્રેશનની ઓન લાઇન પ્રક્રિયામાં ટેન્ડરર ધ્વારા અપાયેલ મોબાઇલ નંબર તથા ઇ-મેઇલ એડ્રેસ રજીસ્ટર્ડ મોબાઇલ નંબર તથા રજીસ્ટર્ડ ઇ-મેઇલ એડ્રેસ તરીકે રહેશે. કોમ્પ્યુટર જનરેટેડ પત્રોને કે સંદેશાઓને પત્ર-વ્યવહાર તરીકે ગણવાના રહેશે. આવા રજીસ્ટર થયેલ મોબાઇલ નંબર કે ઇ-મેઇલ એડ્રેસમાં ફેરફાર કરવામાં આવે તો તેની જાણ કરવાની તથા જી.આઇ.ડી.સી.માં અપડેશન કરાવવાની જવાબદારી ટેન્ડરરની રહેશે.

૪. ઇ-ઓકશન મોડયુઅલ અંતર્ગતના તમામ સ્ટેજમાં ચુસ્તપણે તારીખ તથા સમયનું પાલન કરવાનું રહેશે.

૫. ઇ-ઓકશન માટે ટેન્ડરર ધ્વારા રજીટ્રેશન કર્યા બાદ વહીવટી ચાર્જ તેમજ EMD ની રકમ ભરપાઇ કરવાની રહેશે. જેમના ધ્વારા જે-તે મિલકતનો વહીવટી ચાર્જ તેમજ EMD ની રકમ ભરપાઇ કરેલ હશે તેઓ નિયત તારીખ અને સમયે જાહેર હરાજીમાં ભાગ લઇ શકશે. જાહેરાતમાં દર્શાવેલ તારીખથી રજીસ્ટ્રેશન પ્રક્રિયા ચાલુ થઇ જશે.

૬. ટેન્ડર ભરવાની સમય મર્યાદામાં અર્નેસ્ટ મની ડીપોઝીટ (EMD)ની રકમો ક્રેડીટ કાર્ડ, ડેબીટ કાર્ડ અને નેટ બેન્કીંગથી માત્ર ઓનલાઇન પેમેન્ટથી ભરપાઇ કરી શકાશે.

૭. ઇ-ઓકશન અંગે માંગ્યા મુજબની વિગતો ઓનલાઇન ભરી ડોકયુમેન્ટ સહિત ટેકનીકલ બિડ સમય મર્યાદામાં વેબસાઇટ પર અપલોડ કરવાના રહેશે.

૮. દરેક મિલકત માટે ઇ-ઓકશનનો સમયગાળો ૧૫ મીનીટ રહેશે. એટલે કે, જાહેરાતમાં દર્શાવેલ તારીખ અને સમયે ઇ-ઓકશનની પ્રક્રિયા શરૂ થઇ જશે. ઇ-ઓકશનની પ્રક્રિયા દરમ્યાન આખરી ૦૨ મીનીટમાં જો કોઇ બીડ મળશે તો ઓકશનનો સમયગાળો વધુ ૦૨ મીનીટ માટે લંબાઇ જશે. આવું મહત્તમ ૦૩ વખત થઇ શકશે. ત્યારબાદ ઇ-ઓકશન કલોઝ કરવામાં આવશે.

૯ ઓફરદારે ટેન્ડરના સંદર્ભે ધંધાકીય બાબતો અંગે નીચે જણાવ્યા સહિતના જરૂરી પૂરાવા રજુ કરવાના રહેશે.

સહી-...........................................

૧૦. જે બિડરોએ ઇ-ઓકશનમાં ભાગ લેવા માટે વહીવટી ચાર્જ તથા ઇ.એમ.ડી.ની રકમો ભરેલ હશે, પરંતુ જો તે બિડરો ધ્વારા ઇ-ઓકશનીંગ શરૂ થાય ત્યારે મિનીમમ ઓફર પ્રાઇસ મુજબની લઘુત્તમ વધારા સહિતની પ્રથમ બિડ ભરાશે નહિં, તો તે બિડ પ્રોસેસમાં આવશે નહીં.

૧૧. જે તે ટેન્ડરમાં મિનીમમ ઓફર પ્રાઇઝ ઉપર ઇ-ઓકશન દરમ્યાન બોલી/ઓકશન તરીકે પ્રત્યેક વખતે જાહેરાત મુજબ જે તે ટેન્ડરના નિયત કરેલ લઘુત્તમ વધારા સાથે કે તેના ગુણાંકમાં બોલીની રકમ બિડ કરવાની રહેશે.

૧૨. ઇ-ઓકશનની પ્રક્રિયા દરમ્યાન બિડ પ્રક્રિયામાં ભાગ લેતા કોઇપણ બિડરનું નામ ડિસ્કલોઝ (જાહેર) થશે નહિં. માત્ર જે તે બિડર પોતે જ તે બિડમાં હાઇએસ્ટ બિડર હોવાનું પોતાના લોગ-ઇનમાં જાણી શકશે.

૧૩. ઓનલાઇન ઓકશનની પ્રક્રિયા સર્વર રિસ્પોન્સ ટાઇમ, ઇન્ટરનેટ સ્પીડ, સિસ્ટમ કેપેસીટી વગેરેને આધારિત હોઇ, બિડીંગ કરવા માટે બિડીંગ પૂર્ણ થવાની છેલ્લી મિનિટ સુધી રાહ જોવી હિતાવહ નથી. દરેક વખતે બિડ કરતા અગાઉ વેબ પેજ રિફ્રેશ કરવું હિતાવહ છે. છેલ્લી મિનિટમાં કરવામાં આવેલ બિડીંગ ને લીધે જો કોઇ પ્રશ્નો ઉદ્દ્ભવે તો આ બાબતે જી.આઇ.ડી.સી.નો નિર્ણય સર્વમાન્ય ગણાશે.

૧૪. ઇ-ઓકશનના અંતે જે તે ટેન્ડરમાં આવેલ મહત્તમ ઓફરની સક્ષમ સત્તાની મંજૂરી અંગે આગળની કાર્યવાહી કરવામાં આવશે અને જરૂરી ફાળવણીપત્ર જારી કરવામાં આવશે. જેમાં હાઇએસ્ટ બિડરે અપલોડ કરેલ ડોકયુમેન્ટ તથા OCA મુજબના દસ્તાવેજો સેલ્ફ એટેસ્ટેડ કરી ટેન્ડર ડોકયુમેન્ટમાં સૂચવેલ જગ્યાએ પોતાના નામ, સહી, હોદ્દો તથા સિકકા સાથેની હાર્ડ કોપી દિન-૩૦ માં પ્રાદેશિક મેનેજરશ્રીની કચેરી, જીઆઇડીસી ખાતે રજુ કરવાની રહેશે. બિડર ધ્વારા ટેન્ડર કમ ઓકશનમાં ભાવ આપ્યા બાદ ટેન્ડરની સમયમર્યાદા પૂર્ણ થતાં સુધીના કોઇ પણ તબકકે પોતાના ભાવ પરત ખેંચી શકશે નહીં. બિડર ધ્વારા માંગણી મુજબના ડોકયુમેન્ટસ તેમજ ફાળવણીપત્રમાં દર્શાવેલ શરતોની પૂર્તતા સમયમર્યાદામાં રજૂ કરવામાં નહીં આવે તો, હાઇએસ્ટ બિડરને ડિસકવોલીફાઇડ બિડર તરીકે જાહેર કરવામાં આવશે તેમજ તેના ધ્વારા ભરપાઇ કરવામાં આવેલ ઇએમડીની રકમ જપ્ત કરવામાં આવશે.

૧૫. ટેન્ડરમાં માત્ર એક જ બિડર ધ્વારા સિંગલ બિડ ભરી સિંગલ ઓફર આપવાના સંજોગોમાં તેમજ ટેન્ડરમાં એક કરતાં વધુ બિડ ભરવામાં આવેલ હોવા છતાં માત્ર એક જ બિડર ધ્વારા આપવામાં આવેલ ઓફરના સંજોગોમાં ટેન્ડર ગ્રાહય રાખવા અંગે માન.ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલકશ્રી, જી.આઇ.ડી.સી.નો નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે.

૧૬. મિલકતની ફાળવણી કરવા અંગેની સક્ષમ સત્તાની મંજૂરી મળ્યા બાદ, ટેન્ડરરને મંજૂર કરેલ રકમ મુજબની જારી થયેલ ફાળવણીપત્રની સદરહુ રકમો નિયત સમયમાં ભરવામાં

સહી-.......................................

આવશે તો પણ અત્રેથી નકકી કરેલ મુદ્દત મુજબ જ પરવાના પત્ર માન્ય ગણવાનો રહેશે. તેમજ આ સમય દરમ્યાન ઓફરદાર સાઇટ ઉપર કોઇ પણ પ્રકારે જાહેરાત કરી શકશે નહીં. આ ઉપરાંત ટેન્ડરર ધ્વારા ચાલુ ટેન્ડરની મુદત પૂર્ણ થાય તે પહેલાં ટેન્ડર છોડી દેવામાં આવશે તો તે ટેન્ડરરને ડીસ્કવોલીફાઇડ ગણવામાં આવશે.

૧૭. ઇ-ઓકશનમાં આવેલ બિડરો પૈકી પ્રથમ હાઇએસ્ટ બિડરની અર્નેસ્ટ મની ડીપોઝીટ સિવાયની મળેલ અન્ય બીડ માટે ઇ.એમ.ડી.ની રકમ સક્ષમ કક્ષાએથી મંજૂરી મળ્યા બાદ પરત કરવામાં આવશે.

૧૮. ઇ-ટેન્ડર કમ ઇ-ઓકશન અંગે કે તે બાદ કોઇપણ વાદ વિવાદ કે પ્રશ્નો ઉભા થશે કે કોઇ વિસંગતતા જણાઇ આવશે તો તે અંગે સક્ષમ સત્તાનો નિર્ણય/અર્થઘટન આખરી અને બંધનકર્તા રહેશે. ટેન્ડર સ્વીકારવું કે ન સ્વીકારવું તે જી.આઇ.ડી.સી.ની મુનસુફી પર નિર્ભર રહેશે.

૧૯. જીઆઇડીસીમાં કોઇ પણ પ્રકારની ડીપોઝીટ/ઇ.એમ.ડી. ઉપર કોઇ જ વ્યાજ મળવાપાત્ર રહેશે નહીં.

સહી રનારનું નામ તથા હોદ્દો :..........................................

સંસ્થાનું નામ અને સિકકો :..........................................

સંસ્થાનું સરનામું/સિકકો :..........................................

તારીખ:-